# શિવસ્તુતિથી તાના-રીરી મહોત્સવનો પ્રારંભ

## તાના-રીરીનો ઇતિહાસ આજે વડનગરનો નહિ પરંતુ સમગ્ર રાષ્ટ્રનો ઇતિહાસ બન્યો છે : ભુપેન્દ્રસિંહ ચુડાસમા

મહેસાણા, તા. ૧૮

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે સંગીત સામ્રજ્ઞી તાના-રીરીની યાદમાં દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા તાના-રીરી મહોત્સવનું આયોજન



કરવામાં આવે છે. ગુજરાતની સાંસ્કૃતિક નગરી વડનગરના આંગણે સંગીત અને સૂરના સમન્વયને સાર્થક કરતો તાના-રીરી મહોત્સવ વિશ્વ કક્ષાએ ખ્યાતિ પામ્યો છે. જેનો દ્વિ દિવસીય તાના-રીરી મહોત્સવનો પ્રારંભ રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રી ઈશ્વરસિંહ પટેલ દ્વારા કરાવ્યો હતો.

તાના-રીરી મહોત્સવ શુભારંભ પ્રસંગે રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે ગુજરાતના વિકાસ અને તેની સંસ્કૃતિને વિશ્વ સુધી મુકવાનું કામ વડનગરના સપૂત ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩થી તાના-રીરી મહોત્સવ પ્રારંભથી કર્યો છે. અને તેના દ્વારા સંગીત અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે. તેમણે વડનગરની આ સંગીત યાત્રાને વિશ્વકક્ષાએ પહોંચાડવા સૌ કોઈને અનુરોધ કર્યો હતો.

શિક્ષણમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતની કલાધરા વડનગર ખાતે યોજાતા મહોત્સવને માણવા કલારસિકો દુરદરુથી આવે છે. ગુજરાતની સંગીત તેમજ ગાયનકલાને ઉન્નત શિખરો પર પહોંચાડવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. તાના-રીરી વ્યક્તિ નહી પરંતુ વૈશ્વિક ચેતના બની છે. શિક્ષણમંત્રી ઉમેર્યું હતું કે ભારતના વડાપ્રધાને ભારતીય સંસ્કૃતિને દુનિયા સુધી પહોંચાડવાનું કામ કર્યું છે. આ દિવસે વિવિધ ક્ષેત્રના નામાંકિત કલાકારો તેમની કલાનો લાભ આપી રહ્યા છે. તેમણે આ પ્રસંગે યોજાયેલ શાસ્ત્રીય સંગીતનો સાંસ્કૃતિક વારસો જાળવી રાખતા પ્રદર્શનને નિહાળવા લોકોને અપીલ કરી હતી.

યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃતિઓનો સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે તાના-રીરી મહોત્સવમાં સંગીતક્ષેત્રના નામાંકિત કલાકારો પોતાની સંગીત કલા પ્રસ્તુત કરતા હોય છે. તાના-રીરીએ સંગીતમાં બલિદાન આપી સ્વમાનનો રસ જાગૃત કર્યો છે. અવાજ એ ઈશ્વરની સૌથી મોટી ભેટ છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે સંગીત જીવન છે જેનાથી જીવન ડોલે છે. વડનગરમાં સંગીતક્ષેત્રના અનેક ગાયકોએ પોતાની ગાયકી વડે સંગીતનું સિંચન કર્યું છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા દર વર્ષે યોજાતા તાના-રીરી મહોત્સવમાં પ્રજાકીય સાનુકૂળ પ્રતિસાદ સાંપડ્યો છે. વડનગર સંગીત અને કલા વિકાસનું આજે પર્યાય બન્યું છે. આ મહોત્સવના પગલે ઉત્તર ભારતની સંગીત કલાને ઉત્તેજન પ્રાપ્ત થઈ રહ્યું છે.



કાર્યક્રમમાં પંડિત વિશ્વમોહન ભટ્ટ મોહનવિણા, સલીલ ભટ્ટ સાત્વિક વિણા, હિમાંશુ મંહત, તબલા વાદન રજુ કરાયું હતું. મુંબઈના સાયલી તવલાલકર સંગીતકાર દ્વારા ગાયન રજુ કરાયું હતું. કલાગુરૂ મહેશ્વરી નાગરાજન, અને નૃત્ય કલા કેન્દ્ર અમદાવાદ પ્રાર્થના નૃત્ય ભરત નાટ્યમ રજુ કરાયુ હતું. સમુહ, તબલા તાલીમ સંસ્થા સપ્તક સ્કુલ ઓફ મ્યુઝિક અમદાવાદ દ્વારા સમુહ તબલા વાદન, સિતાર સંતૂર, સમૂહ વાદન રજુ કરાયું હતું. સુશ્રી વિદુષી શ્રીમતી પિયુબેન સરખેલ સંગીતકાર રાજકોટ સહિત વિવિધ કલાકારો દ્વારા શાસ્ત્રીય સંગીત પીરસવામાં આવ્યું હતું. સંગીત, મર્મજ્ઞો અને તાલના સમર્થકો કલાકારોના સ્વર અને સૂરમાં તલ્લીન બની ગયા હતા. દર વર્ષે કાર્તિક સુદ નોમના દિવેસ આ મહોત્સવ ઉજવવામાં આવે છે. સંગીત સામ્રગી તાના અને રીરીની યાદમાં આ દિવસોમાં સંગીતના સુર રેલાય છે.

આવી વિરાંગના કલાધારિણી બેહનોને સૂરાંજલી અર્પવા માટે વડનગરના તાના-રીરી ગાર્ડન ખાતે તાના-રીરી શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. હજારો દર્શકો આ મહોત્સવનો છેલ્લા વર્ષોથી લાભ લઈ રહ્યા છે.

# પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત બ્રહ્મસમાજનુ સ્નેહ સંમેલન યોજાયું

### તેજસ્વી તારલાઓ, વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન તથા નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે રહેતાં સમસ્ત બ્રહ્મસમાજના ભાઈ-બહેનોનું સ્નેહ સંમેલન અને



સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં સમાજનાં વિશિષ્ટ વ્યક્તિઓ તથા તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્મસમાજ ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ ત્રિવેદી મેવાડા વાડી ખાતે પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત બ્રહ્મસમાજનો સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત રહેલ ભાઈ-બહેનોએ એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી અને આવનાર બે વર્ષ માટે નવા પ્રમુખ તરીકે પ્રકાશભાઈ જોષીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી, જયારે મંત્રી સહિત નવા હોદેદારોની નિમણુંક પણ કરવામાં આવી હતી. જયારે પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજના વિશિષ્ટ વ્યક્તિઓનું પણ ફુલહાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તો સમાજના તેજસ્વી તારલાઓનું પણ સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તેજસ્વી તારલાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. ગળતેશ્વર ખાતે આવેલ ગળતેશ્વર મંદિરના ટ્રસ્ટી તરીકે રાકેશભાઈ નિમણુંક કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રમુખ જીગ્નેશભાઈ, યોગેશભાઈ રાવલ, જીતુભાઈ રાવલ, શંભુભાઈ રાવલ, મધુભાઈ રાવલ, અરવિંભાઈ રાવલ, પ્રયાગભાઈ ત્રિવેદી, હર્ષદભાઈ સહિત કારોબારી સભ્યો સહિત સમસ્ત બ્રહ્મસમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને એકબીજાને શુભેચ્છાઓ-શુભકામનાઓ પાઠવી હતી.

# તલાટીના પ્રશ્ને વિરપુરની મહિલાઓએ પંચાયતને તાળાબંધી કરી

## તલાટીના પ્રશ્ને અગાઉ જિલ્લા વિકાસ અધિકારીને રજુઆત કરાઈ હતી

હિંમતનગર, તા. ૧૮

હિંમતનગર તાલુકાના વિરપુર ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી વિરૂદ્ધ અન્ય ગામના સરપંચે અજ્ઞાત કારણોસર રાજકિય દબાણ લાવીને વિરપુરના તલાટીની બદલી કરાવવા થતા પ્રયાસોના વિરોધમાં શનિવારે વિરપુરની ૪૦થી વધુ મહીલાઓએ પંચાયતને તાળાબંધી કરી દેતા ચકચાર મચી જવા પામી હતી.

આ અંગે વિરપુરના સરપંચ ફારૂકભાઈ ખણુસિયાના જણાવ્યા મુજબ છેલ્લા દોઢ વર્ષથી વિરપુર પંચાયતમાં ફરજ બજાવી ચુકેલા એક પુરૂષ અને બે મહીલા તલાટીઓને ગમે તે કારણસર હાંસલપુરના સરપંચ દબાણ લાવીને તેમની બદલી કરાવી નાંખતા હોવાનો આક્ષેપ કરીને જણાવ્યુ હતુ કે અત્યારે વિરપુર પંચાયતમાં એક મહીલા તલાટી ફરજ બજાવે છે. પરંતુ અગમ્ય કારણોસર હાંસલપુરના સરપંચ બદલી કરાવવા માંગે છે. જેના કારણે અન્ય પંચાયતમાં ઈન્ચાર્જ તલાટી તરીકે ફરજ બજાવતા તલાટી વિરપુર પંચાયતને કામગીરીમાં ન્યાય આપી શકતા નથી જેના કારણે ગામના વિકાસકામો અટકી પડે છે.

ઉલ્લેખનીય છે કે ગયા મહીને વિરપુરમાં મળેલી ગ્રામસભામાં તલાટીની કામગીરી સંતોષકારક છે. તેવા થયેલા ઠરાવ બાદ આ મહીલા તલાટીની બદલી ન થાય તે માટે ધનતેરસના દિવસે વિરપુરની ૧૦૦થી વધુ મહીલાઓએ જિલ્લા વિકાસ અધિકારી સ્મૃતિ ચારણને રૂબરૂ મળી રજુઆત કરી હતી. જેમાં વિરપુરના તલાટીને નહી બદલવાની હૈયાધારણ આપી હોવા તાં રાજકીય દબાણને વશ થઈને આ તલાટીની બદલી કરાઈ છે. જેના વિરોધમાં શનિવારે ગામની મહીલાઓએ પંચાયતને તાળાબંધી કરી દેતા ચકચાર મચી જવા પામી હતી.

ગામલોકોનું કહેવું છે કે તંત્રએ વિરપુર પંચાયતને તલાટીની જવાબદારી સોંપી છે તથા આજ તલાટીને હાંસલપુર પંચાયતનો ચાર્જ આપ્યો છે. જો હાંસલપુરના સરપંચને વાંધો હોય તો તંત્રએ હાંસલપુર પંચાયતનો ચાર્જ અન્ય પંચાયતના તલાટીને અપાવવો જોઈએ તેની સામે વીરપુરના લોકોને કોઈ વાંધો નથી પરંતુ રાજકીય દબાણો લાવીને વિરપુરના તલાટીની બદલી કરાવાય છે. તેના લીધે ગામનો વિકાસ અટકી જાય છે.જેથી ના છુટકે પંચાયતને તાળાબંધી કરવાની ફરજ પડી હોવાનું પંચાયતના સરપંચ તથા સભ્યો સહીત ગ્રામજનોએ ભારપૂર્વક જણાવ્યું છે.

### અનામત બિલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામને નિવેદન કરવા માંગે છે કે, પહેલી ડિસેમ્બરના દિવસે ઉજવણી કરવાની તૈયારી કરવામાં આવે. આ વર્ષે જુલાઈ મહિનામાં રાજ્યમાં મરાઠા અનામતને લઈને જુદા જુદા સ્થળો ઉપર આંદોલન થયા હતા. અનેક જગ્યાએ આંદોલને હિંસક સ્વરુપ ધારણ કર્યું હતું. ત્યારબાદ ઓગસ્ટ મહિનામાં ફડનવીસ સરકારે અનામતને લઈને રચનાત્મક પ્રતિક્રિયા આપી હતી.

### ગ્રેનેડ હુમલો.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. અમૃતસર નજીકના રાજા સામસી વિસ્તારમાં આ બ્લાસ્ટ કરાયો હતો.

રાજા સામસી ગામના નિરંકારી ભવનમાં બપોરે બુરખાધારી મોટરસાયકલ પર આવેલા શખ્સોએ બે ગ્રેનેડો ઝીંક્યા હતા. ગ્રેનેડ ઝીંક્યા બાદ મોટરસાયકલ પર આવેલા શખ્સો ફરાર થઈ ગયા હતા. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે, લોકોમાં અફડાતફડી મચી ગઈ હતી. નિરંકારી સમુદાયના લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. બ્લાસ્ટ કરવામાં આવ્યો ત્યારે સત્સંગ કાર્યક્રમ ચાલી રહ્યો હતો અને કાર્યક્રમમાં સેંકડો લોકો ઉપસ્થિત હતા. પોલીસ અને વહીવટી અધિકારી ઘટના સ્થળે પહોંચી ગયા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે તરત હાથ ધરવામાં આવી હતી.

### સંયુક્ત યોજના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હિસ્સા દ્વારા એકલા દમ ઉપર કોઈ યુદ્ધ જીતી શકાય નહીં. એરચીફ માર્શલે કહ્યું હતું કે, સેનાના ત્રણેય હિસ્સા સંયુક્ત યોજનાને પ્રોત્સાહન આપે તે જરૂરી છે. સરકાર અને સેનાના ત્રણેય અંગો વચ્ચે ચર્ચા થતી રહી છે કે, ભારતને યુદ્ધ ક્ષેત્ર કમાન્ડ માટે મોડલ અપનાવવાની જરૂર છે જેમાં ત્રણેય સેવાઓની શ્રમ શક્તિ અને સંકલન સાધીને આગળ વધવાની જરૂર છે.

# તમારા ખેતરમાં સોનાના ચરૂ સંતાડેલા છે, વિધી કરાવવી પડશે

હિંમતનગર, તા. ૧૮

'લોભિયા હોય ત્યાં ધુતારા ભુખે ના મરે' એ ઉક્તિને સાર્થક કરાતો એક કિસ્સો તાજેતરમાં હિંમતનગર તાલુકાના હુમરા ગામે બનવા પામ્યો છે. જેમાં એક પટેલ પરીવારના ઘરે આવીને બ્રાહ્મણની ઓળખ આપી આ ધુતારાએ તમારા ખેતરમાં સોનાના ચરૂ જમીનમાં દટાયેલા છે. જેને મેળવવા માટે તાંત્રિક વિધિ કરાવવી પડશે. તેમ જણાવી આ ધુતારાએ પટેલ પરીવાર પાસેથી તબક્કાવાર અંદાજે રૂ. ૧૧.૮૧ લાખ વિધિના નામે પડાવી લઈ ધમકી આપી ભગાડી દીધા હતા. જે અંગે હુમરાના એક રહીશે શનિવારે આ અંગે જિલ્લા પોલીસ વડાને લેખિત રજુઆત કરીને પૈસા પરત અપાવવાની માંગ કરી છે.

આ અંગે જિલ્લા પોલીસવડાને કરેલી લેખિત રજુઆતમાં હુમરાના પટેલ ભરતભાઈ કોહ્યાભાઈએ જણાવ્યું હતું કે બે મહીના અગાઉ તેમના ઘરે બ્રાહ્મણની ઓળખ આપીને પોતે જ્યોતિષ છે તેમ કહી પોતાનું નામ જગદિશ હોવાનું કહીને અંબાજીના કોટેશ્વરમાં રહુ છુ. તેમ કહી વાતો કરી ભરતભાઈના પુત્રની સગાઈ ન થતી હોવાથી વિધિ કરાવવી પડશે. તેમ કહી ભરતભાઈ તથા તેમના પત્નિને ભોળવી દીધા હતા. ત્યારબાદ વિધિ માટે શરૂઆતમાં રૂ. ૭૫૦૦ માંગીને જતો રહ્યો હતો.

બીજી તરફ આ ધુતારાએ ભરતભાઈ તથા તેમના પરીવારને પોતાની વાતોથી આંજી દીધા હતા અને તમારા નસીબમાં ઘણી લક્ષ્મી છે તેમ કહી તમારા ખેતરમાં રૂ. ૨૦ કરોડના સોનાના ચરૂ દટાયેલા પડ્યા છે. જેને મેળવવા માટે વિધિ કરાવવાના બહાને ભરતભાઈ પાસેથી પુજાપા પેટે રૂ. ૮૧ હજાર લીધા હતા. ત્યારબાદ ભરતભાઈને સોનાનુ સાડાપાંચ તોલાનું છત્ર મંગાવ્યુ હતુ જેના માટે ભરતભાઈએ રૂ. ૨ લાખથી વધુ સગાસંબંધી પાસેથી ઉછીના લઈને તાંત્રિકને આપ્યા હતા.

આટલુ ઓછો હોય તેમ આ તાંત્રિકે પિતૃશ્રાધ કરાવવાના બહાને રૂ. ૪ લાખ લઈને તેમને બનાસકાંઠાના ઈકબાલગઢ નજીક બોલાવીને એક વાહનમાં બેસાડી જંગલમાં લઈ જવાયા હતા જ્યાં એક ગુરૂ સાથે ભરતબાઈને મુલાકાત કરાવવાની હતી.

# જમશેદભાભા થિયેટરમાં સાબરમતી ગુરૂકુલમ્‌નો જાજરમાન સાંસ્કૃતિક કાર્યક્રમ

ભારતની ભવ્ય ગુરૂકુલ શિક્ષણ પદ્ધતિના પુનઃ નિર્માણનું ભગીરથ કાર્ય છેલ્લાં ઘણાં વર્ષોથી હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળા-સાબરમતી ગુરૂકુલમ્ કરી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષણના ક્ષેત્રમાં પણ સંસ્થાની ગૌરવવંતી સવિશેષ નોંધ લેવાઈ રહી છે. તાજેતરમાં જ મુંબઈ એન.સી.પી.એ.ના 'જમશેદભાભા થિયેટરમાં' સંસ્થાનો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને શ્રેષ્ઠીવર્ય દિલીપભાઈ લાખી, અતિથિ વિશેષ મહારાષ્ટ્રના શિક્ષણ મંત્રી વિનોદ તાવડેજી, મલબાર હીલના ધારાસભ્ય મંગળ પ્રભાત લોઢાજી, ભારતીય શિક્ષા મંડળ નાગપુરના મુકુલજી કાનીટકર તથા મુંબઈના નામાંકિત શ્રેષ્ઠીવર્યો વિ. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

વિદ્યાર્થીઓએ પોતાના સર્વાંગી વિકાસનો તાદશ ચિતાર સૌ દર્શકોને કરાવ્યો હતો. સંગીત, નૃત્યુ, નાટ્ય, અભિનય, વૈદિક, ગણિત, જ્યોતિષ, ચિત્રકલા, શરીર સૌષ્ઠવ, વિ. કળાઓની તાલીમની અદ્‌ભુત પ્રસ્તુતિઓથી ગુરૂકુલ શિક્ષણ પદ્ધતિ, પરંપરાની ભવ્યતા અને સિદ્ધિઓની ઝાંખી કરાવી હતી.

આ સમારંભના અતિથી વિશેષ વિનોદ તાવડેજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે 'આજનું શિક્ષણ ગોખણપટ્ટી છે. જ્યારે ગુરૂકુલ શિક્ષણ પદ્ધતિમાં અનુભવ જ્ઞાન પર વિશે ભાર મુકવામાં આવે છે. આથી જ 'ગુરૂકુલમના વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓનો સર્વાંગી વિકાસ થાય છે. જ્યારે અન્ય અતિથી વિશેષ ભારતીય શિક્ષા મંડળ-નાગપુરના મુકુલજી કાનિટકરજીએ જણાવ્યું હતું કે 'હવે ગુરૂકુલમના વિદ્યાર્થીઓ પણ તબીબી અને ઈજનેરી ક્ષેત્રમાં જઈ શકે તેવી વ્યવસ્થા સરકારે કરી છે. ચાલુ વર્ષથી જ નેશનલ ઓપન સ્કૂલના અભ્યાસક્રમમાં ગુરૂકુલ પદ્ધતિના ૬ વિષયો દાખલ કરવામાં આવ્યા છે.

### દિશાદર્શન આપશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત "આધ્યાત્મિક ચેતના અને દિવ્યતા જગાવનારું ગુજરાત બને", અને સુરક્ષિત, સલામત, સમૃદ્ધ ગુજરાતમાં સંસ્કાર, સંસ્કૃતિ, શુદ્ધ ભાવના સહિતના 'શોષણ મુક્ત અને સમતા યુક્ત સમાજ'ની રચના થાય તેવી ઉત્કૃષ્ટ ભાવના વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે "આ ભવ્ય આયોજન થકી, ૨૩ જેટલી થીમ સાથે લોકો સરળતાથી ધર્મની ગહનતા, તેમજ આત્માથી પરમાત્મા, જીવથી શિવ, વ્યક્તિ થી સમષ્ટિની સમજ પ્રાપ્ત કરે છે." "આ ૧૦ દિવસનો ઉત્સવ નવા વર્ષે દેશને દિશાદર્શન આપશે, જેમાં આધ્યાત્મ જે ભારતની તાકાત છે તે બળ પૂરું પાડશે, અને આવનારુરું વર્ષ ભારતના ઋષિમુનિઓ, સાધુ-સંતો અને જ્ઞાનીઓએ આપેલી વિરાસતને ઉજાગર કરનારું બનશે", તેવા ભાવ સાથે મુખ્યમંત્રીશ્રીએ પૂજ્યશ્રીને વંદન કરી, જનતાનો આભાર માન્યો હતો. પૂજ્યશ્રી દીપકભાઈએ પણ રૂપાણી સાહેબ માટે આશીર્વચનો પાઠવ્યા હતા. તેમણે "ભારત વર્લ્ડનું આધ્યાત્મિક કેન્દ્ર બનશે" એવા દાદાશ્રીના કથનને યાદ કરીને કહ્યું હતું કે હિન્દુસ્તાન વર્લ્ડનું આધ્યાત્મિક કેન્દ્ર બનીને રહેશે જ ! તેઓશ્રીએ ઉમેર્યું હતું કે અક્રમ વિજ્ઞાન જે જીવનને ક્લેશ રહિત બનાવનારું છે, તે ભારતના રાજ્યોના જ નહી, પણ દેશ વિદેશના લાખો લોકો પામી રહ્યાં છે.

### શૈક્ષણિક કાર્ય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેકેશનનો લાભ લઈ અભ્યાસમાં લાગી ગયા હતા.ગુલાબી ઠંડીની ઋતુ પણ શરૂ થઈ ગઈ છે. જયારે વહેલી સવારે નગરના માર્ગો પર મોર્નિંગ વોક કરનારાઓ સિવાય કોઈ દેખાતુ નથી. ત્યારે હવે શાળાઓમાં વેકેશન ખુલતા સવારથી જ નગરનુ જનજીવન ધબકતુ જોવા મળશે.

### ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તરીકેનું જીવન જીવતા નથી. પતિ-પત્ની કાયદેસર હોવા છતાં તેમની વચ્ચે દાંપત્યજીવનમાં ખટરાગ છે. જો કે આ એક કાચી ધારણા જ છે પરંતુ કાચી ધારણા ઉપલબ્ધ આંકડાઓના વિવરણમાંથી જ ઉપલબ્ધ થાય છે એ દૃષ્ટિએ ધારણા ભલે હોય પરંતુ એ સત્યની ખૂબ જ નજીક છે. પતિ-પત્નીના સંબંધો-પરિવાર અને ઓરડાની સ્થિતિના આંકડામાંથી આજે બૃહદ ગુજરાતની સ્થિતિ અહીં ચર્ચી છે. આગામી અંકમાં ગાંધીનગરની ચર્ચા આપણે જોઈશુ.

### બોર્ડની બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર દરેક રીતે દબાણ બનાવી રાખશે એમ પણ જણાવાય રહ્યું છે. રિઝર્વ બેંક એ બેકિંગ નિયામક છે અને તે દરેક માગણીઓ સાથે આસાનીથી સહમત થશે એ સરકાર સારી રીતે સમજે છે. સરકાર સાથેના મતભેદો વધુ વકરતા ઉર્જિત પટેલે રાજીનામુ આપી દેવાની પણ તૈયારી બતાવી હતી. જો કે હાલના તબક્કે સરકાર આવું કંઈપણ બને તેમ ઈચ્છતી નથી.

### ભાજપ - આરએસએસ... ● ત્રીજા પાનાનું ચાલુ

રહેશે અને તેના માટે કોંગ્રેસ સહિત કોઈની પણ સાથે છે. વાઘેલાએ હાલમાં વિવિધ રાજયોની વિધાનસભા અને ત્યાર બાદ લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને એન.ડી.એ.નો રકાસ થઈ રહ્યો હોવાનું જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે, ચૂંટણી બાદ બધા વિપક્ષો એક થઈ જશે અને જે ચૂંટાશે તે બધા જ એન્ટિ-બીજેપીના હશે એ વાત નક્કી છે. હાલના સમયમાં રાજયમાં ખેડૂતોની આત્મહત્યાના વધી રહેલા બનાવો સામે લાલબત્તી ધરતા તેમણે કહ્યું કે, ખેડૂતોનો ભડકો સરકારને ભારે પડશે. સરકારે ટેકાના ભાવની લોલીપોપ આપી હોવાનું જણાવતા તેમણે સરકારની એમ.એસ.પી. માટે કોઈ સ્પષ્ટ નીતિ નહીં હોવાનો આક્ષેપ કર્યો હતો. સાથે જ દેશમાં સહકારી ક્ષેત્રનું માળખું ગુજરાતમાં શ્રેષ્ઠ હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે, આ માળખાને બચાવવું જોઈએ અને પશુપાલકો માટે પણ ડેરીઓ દ્વારા ફેટના ભાવ ઘટાડાઈ રહ્યા છે ત્યારે સરકારે સબસીડી આપીને પશુપાલકોને પણ બચાવી લેવા જોઈએ. આ ઉપરાંત આગામી લોકસભા ચૂંટણી બેલેટ પેપર અથવા તો પટ્ટી દ્વારા કરવાની પણ તેમણે માગણી કરી હતી અને તેના માટે કેન્દ્રીય ચૂંટણીપંચમાં રજૂઆત પણ કરી છે અને તેના માટે બાકી પક્ષોનો સહકાર માગ્યો હતો. આગામી તા. ૨૪મીએ બાપુએ ગાંધીનગર ખાતે એક સ્નેહમિલન પણ ગોઠવ્યું છે, જેમાં રાજકીય દાવપેચની તૈયારીની સંભાવના વ્યકત થઈ રહી છે.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

છે. ૯૮ % લોકો બંગાળી છે. એ દેશની હસીના સરકારમાં પણ ૩૩ કેબિનેટ મંત્રીઓમાં માત્ર એકજ હિંદુ મંત્રી છે. એને આ વખતે ટિકિટ મળવા વિશે શંકા છે. ૧૭ રાજ્યકક્ષાના પ્રધાનોમાં માત્ર બે જ હિંદુ/બૌદ્ધ પ્રધાનો છે. હસીના ભલે ગમે તેટલી હસી હસીને વાતો કરતાં હોય, હિંદુ અને બીજી લઘુમતીઓ પર અત્યાચાર રોકવામાં તેઓ નિષ્ફળ રહ્યાં છે.એટલેજ ભાજપના બટકબોલા સાંસદ ડૉ.સુબ્રમણિયન સ્વામી તો બાંગલાદેશ પર આક્રમણ કરવાની સલાહ આપવાનું પસંદ કરે છે.સાથે જ પાકિસ્તાનને ચાર ટુકડામાં વહેંચી દેવાની સુફિયાણી સલાહ આપવાનું એ ચુકતા નથી. મ્યાનમારમાંથી હિજરત કરીને બાંગલાદેશને માથે પડેલા રોહિંગ્યાની સમસ્યા અને ભારણ પણ આ વખતની ચૂંટણીમાં મહત્વનો મુદ્દો બનશે.જોકે સમન ધરાતલ પર ચૂંટણી યોજાતી નહીં હોવાથી હસીના વાજેલની અવામી લીગ ફરી સરકાર રચે એવી શક્યતા પ્રબળ છે.

ઈ-મેઈલ : haridesai@gmail.com

### માળખુ જાહેર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંગઠ્ઠનના પ્રશ્નો અંગે ૧૧ સભ્યોની સંકલન સમિતિની પણ રચના કરવામાં આવી છે. આ ઉપરાંત ૨૦ સભ્યોની કારોબારી સમિતિ, ૧૫ મહામંત્રી, ૨૦ મંત્રી, ૧૬ ઉપપ્રમુખ, બે ઝોન પ્રમુખ, ૩ પ્રવક્તા અને ખજાનચીની નવા સંગઠ્ઠનમાં નિમણુંક કરવામાં આવી છે. એકસોથી પણ વધુ આગેવાનોનો સમાવેશ તેમજ સમાજના તમામ વર્ગને પ્રતિનિધિત્વ આપી સમતોલ સંગઠ્ઠન તેમજ ૧૦ થી વધુ નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યુ હોવાનું પક્ષના સૂત્રોએ સ્વીકાર્યુ છે. નિસ્ક્રિય રહેલા આગેવાનોને બહારનો રસ્તો બતાવવા ઉપરાંત ૮ વોર્ડના પ્રમુખોની પણ ઘોષણા આ યાદીમાં કરવામાં આવી છે.

### બેઠક મળશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપરાંત રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસ કામોને મંજૂરી આપવાનો મુદો પણ ચર્ચામાં છે. પ્રમુખસ્થાનેથી જિલ્લા પંચાયતના નવા મકાન માટે નવો પ્લોટ ફાળવવા અંગે વધુ એક વખત પ્રસ્તાવ પારિત કરી અને આંદોલનની ચીમકી આપવામાં આવે તેવી શક્યતાઓ પણ રહેલી છે. આ બેઠકમાં જિલ્લામાં આગામી દિવસોમાં હાથ ધરાનારા મહત્વના પ્રોગ્રામ કુપોષણ મુક્તિ અભિયાન, શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમની વિગતો પણ રજુ કરવામાં આવે તેવી શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે.

### ધર્મ સાંસદ તરીકે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મત વિસ્તારમાંથી નિયુક્ત થયેલા ધર્મ સાંસદોની બેઠક પણ અમદાવાદ ખાતે ગત તા ૧૫ નવેમ્બરના રોજ અદ્વેત આશ્રમ ખાતે યોજવામાં આવી હતી. જયારે આ દરમિયાન દ્વીપીઠાધીશ્વર શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજના શિષ્ય દંડી સ્વામીશ્રી સદાનંદ સરસ્વતી મહારાજના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જયારે આ દરમિયાન ગુજરાતના ૨૬ ધર્મ સાંસદોને નિયુક્તિ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ દરમિયાન ગુજરાતના પ્રશ્નો સંદર્ભે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જયારે આગામી વારણસીની ધર્મ સાંસદમાં રજુ કરવાના પ્રશ્નો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાતમાંથી સનાતન ધર્મ સાથે સંકળાયેલા ૨૬ સાંસદોની નિમણુંક કરવામાં આવી છે. જયારે આ ધર્મ સાંસદો આગામી ધર્મ સંસદમાં ગુજરાતમાં ધર્મ સાથે સંકળાયેલા પ્રશ્નો પણ રજુ કરશે. આ ધર્મ સંસદ ૨૦૧૮ ની બેઠકમાં ૫૪૩ સંસદીય મત વિસ્તારના ધર્મ સંસદો, ૧૭૦ સંતો, ૯૯ દેશના પ્રતિનિધિઓ, ૮ પરમધર્માસંદ અન્ય ધર્માસંદ, ૧૦૮ ધર્માચાર્યો, ૪ શંકરાચાર્ય પીઠના પ્રતિનિધિઓ, ચારધામના પ્રતિનિધિઓ,૭ ધર્મ પુરીના, ૫૧ શકિતપીઠના પ્રતિનિધિઓ, ૨૫ વૈષ્ણાવાચાર્યના પ્રતિનિધિઓ, ૧૨ ધર્મ સંસ્થાઓના પ્રતિનિધિઓ, ૩૬ ધર્મ સેવા પ્રમુખો, ૩૬ રાજનૈતિક પ્રશ્નોના પ્રતિનિધિઓ મળી કુલ ૧૦૦૮ મહાનુભાવો આ ધર્મ સાંસદમાં હાજરી આપશે. ગાંધીનગર મત વિસ્તારના ધર્મ સાંસદ તરીકે બ્રહ્મસમાજના અગ્રણી કથાકાર કનૈયાલાલ પંડયાની નિમણુંક કરવામાં આવી છે. કનૈયાલાલ પંડયા પણ ધર્મ સંસદમાં હાજરી આપશે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારના ધર્મ સાંસદ કનૈયાલાલ પંડયાએ જણાવ્યુ હતુ કે સનાતન ધર્મ વિષે કોઈ પ્રશ્ન કે સુચના હોય તો નાગરિકોએ રૂબરૂ કે પત્ર દ્વારા જાણ કરવી.